પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૬ | ૫ જાન્યુઆરી, ૨૦૧૮, શુક્રવાર ; પોષ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભારતે પાકને ઈંટનો જવાબ પથ્થરથી આપ્યો

## ૧ જવાનની શહિદીનો બદલો લીધો : ચાર ચોકીઓનો નાશ કર્યો : ૧૦ પાકિસ્તાની રેન્જર્સ ઠાર : ભારતીય સૈન્યની મોટી કાર્વયાહી

ન્યુ દિલ્હી,તા.૪

બીએસએફ જવાનોએ જમ્મૂ જિલ્લામાં આંતરરાષ્ટ્રિય સીમામાં ઘુસણખોરીનો પ્રયાસ નાકામ કર્યો છે. આ માટે તેમણે એક ઘુસણખોરને ઠાર માર્યો હતો. ભારતે જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનનાં ત્રણ મોર્ટાર પોઈન્ટ ઉડાવ્યા હતાં. જેમાં ૧૦ પાકિસ્તાની રેન્જર્સ ઠાર માર્યા ગયા. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે એલઓસી પાર ૪ પાકિસ્તાની ચોકીઓને પણ બર્બાદ કરી દેવાઈ છે.

બીએસએફ જમ્મૂ ફ્રેન્ટિયરનાં મહાનિરીક્ષક રામ અવતારનું કહેવું છે કે, જવાનોએ ગુરૂવારની સવારે ૫.૪૫ વાગ્યે અરનિયા સેક્ટરમાં નિકોવાલ સીમા ચોકીની નજીક આંતરરાષ્ટ્રિય સીમા પર બે-ત્રણ લોકો જોવા મળ્યા હતાં. તેમને જોતાની સાથે જ બીએસએફ જવાનોએ તેમને લલકાર્યા અને બાદમાં ગોળીબાર શરૂ કર્યો જેમાં એક ઘુસણખોર ઠાર મારાયો. મૃતકની ઉંમર ૩૦ વર્ષની આસપાસ હશે.





મહાનિરીક્ષક રામ અવતારનું કહેવું છે કે, અમારા જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને મોટું નુકશાન થયુ છે. સૂત્રોનું માનીએ તો ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપતા તેમનાં ત્રણ મોર્ટાર પોઈન્ટ ઉડાવી દીધા હતા જેમાં ૧૦ જેટલાં તેમના રેન્જર્સ માર્યા ગયા. જોકે આ ઘટનામાં બે ઘુસણખોરો ભાગવામાં કામિયાબ રહ્યાં હતાં.

બીએસએફનાં એક પ્રવક્તાનું કહેવું છે કે, બીએસએફ જવાનોએ બુધવારે બે પાકિસ્તાની મોર્ટારની પોઝિશન્સ જાણી હતી. તેને જ આજે નિશાન બનાવવામાં આવ્યો અને તેને નષ્ટ કરવામાં આવી. બુધવારે જમ્મૂનાં સાંબા સેક્ટરમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલાં ગોળીબારમાં એક જવાન શહિદ થઈ ગયો હતો, જે બાદ સેના તેનો બદલો લીધો હતો.

આ ઘટનાના થોડાંક દિવસ પહેલાં જ ગયા વર્ષે ૩૧ ડિસેમ્બરના રોજ રાજૌરી જિલ્લામાં એલઓસી પર સેનાનો એક જવાન શહીદ થયો

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકા અમારી વિરુદ્ધ કાર્યવાહી કરશે તો અમે જડબાતોડ જવાબ આપીશું : પાક.આર્મી

ઈસ્લામાબાદ,તા.૪

અમેરિકા અને પાકિસ્તાનના સંબંધોમાં તણાવ વધી રહ્યો છે. અમેરિકાએ પાકિસ્તાનની મિલિટરી એડ (સૈન્ય મદદ) અટકાવી દીધી છે. યુએસએ આવનારા એક અથવા બે દિવસોમાં વધુ કડક પગલાં લેવાની વોર્નિંગ પણ આપી છે. ત્યારબાદ પાકિસ્તાનનું રિએક્શન આવ્યું છે. પાકિસ્તાનની આર્મીએ કહ્યું, જો અમેરિકા અમારી વિરૂદ્ધ કોઈ એક્શન લે છે તો તેનો જવાબ આપવામાં આવશે. પાકિસ્તાનના ડિફેન્સ મિનિસ્ટરે કહ્યું, અમેરિકા હવે પાકિસ્તાનને પોતાના ઈશારા પર નહીં ચલાવી શકે. ઉલ્લેખનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે નવા વર્ષે પાકિસ્તાનને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી. ત્યારબાદ વ્હાઈટ હાઉસે પાકને આપવામાં આવતી ૧૬૨૬ કરોડ રૂપિયાની સૈન્ય મદદ પણ અટકાવી દીધી હતી.

અમેરિકા અને પાકિસ્તાનની વચ્ચે નવા વર્ષે સંબંધોમાં કડવાશ આવી ગઈ છે. ટ્રમ્પના આરોપો પર પાકિસ્તાન સરકાર જવાબ આપી ચૂકી છે. પાકિસ્તાનમાં આર્મી જ દેશ ચલાવે છે અને તે વાત બધા જ જાણે છે.

## લાલૂને સજાની જાહેરાત ફરી ટળી

### લાલૂ માટે અનેક લોકો તરફથી ભલામણ આવી ચુકી છે : જજ : લાલૂના મામલામાં આજે ચુકાદો જાહેર થાય તેવી સંભાવના : કાયદો કાયદાનીરીતે કામ કરશે : જજની સ્પષ્ટ પ્રતિક્રિયા

રાંચી,તા. ૪

બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવ અને અન્યોને ઘાસચારા કૌભાંડ કેસમાં સજા અંગેની જાહેરાત આજે ફરી એકવાર ટળી ગઈ હતી. હવે આવતીકાલ ઉપર આ મામલો પહોંચી ગયો છે. આજે રાંચીની ખાસ અદાલતના જજ શિવપાલસિંહે મોટો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, લાલૂ પ્રસાદના બે લોકોએ તેમને ફોન કર્યા



હતા. અલબત્ત આ બંને સમર્થકો હતા કે નેતા હતા તે અંગે જજે જાણકારી આપી નથી. સુનાવણી દરમિયાન રાંચી સીબીઆઈ કોર્ટના જજે લાલૂને કહ્યું હતું કે, તમારા માટે અનેક ભલામણો આવી ચુકી છે. કાયદો કાયદાની રીતે કામ કરશે. આજે ચુકાદો આવનાર હતો પરંતુ છેલ્લા સમય સુધી એથી લઈને કે સુધીના આરોપીઓ પર સજા પર ચર્ચા થઈ

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈના મરોલ વિસ્તારમાં આગ : ૪ ભડથુ

મુંબઈ,તા. ૪

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં એક ઈમારતમાં આજે વહેલી સવારે ભીષણ આગ ફાટી નિકળી હતી. આ આગની ઘટનામાં ચાર લોકો બળીને ભડથુ થઈ ગયા હતા. સાથે સાથે અન્ય સાત લોકો દાઝી ગયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અંધેરીના મરોલ વિસ્તારમાં મૈમુન બિલ્ડિંગમાં મોડી રાત્રે આગ ફાટી નિકળી હતી. દાજ ગયેલા તમામ લોકોને સારવાર માટે નજકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આગ ફાટી નિકળ્યા બાદ તરત જ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હત. સ્થિતીને ભારે જહેમત બાદ કાબુમાં લઈ લેવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે આ સપ્તાહ પહેલા કમલા મિલ કમ્પાઉન્ડમાં ભીષણ આગ ફાટી નિકળી હતી. જેમાં ૧૫ લોકોના મોત થયા હતા. એક પબમાં આગ લાગી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## ભારત-આફ્રિકા વચ્ચે આજથી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ

### ઝડપી અને ઉછાળવાળી વિકેટ ઉપર ભારતીય બેટ્સમેનોની આકરી કસોટી કોહલી, પુજારા, રહાણે અને ધવન છવાશે : બપોરે બેથી મેચનું પ્રસારણ થશે

કેપટાઉન, તા. ૪

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ આવતીકાલથી શરૂ થઈ રહી છે. પ્રવાસી ભારતીય ટીમ જીતના સિલસિલાને આગળ વધારી દેવા માટે તૈયાર છે પરંતુ વિદેશી મેદાન પર શાનદાર દેખાવ કરવા માટે ટીમ ઈન્ડિયા સામે પડકાર દેખાઈ રહ્યા છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ જોરદાર દેખાવ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરી રહી છે. ટીમ ઈન્ડિયામાં તમામની નજર હાલમાં જોરદાર ફોર્મમાં ચાલી રહેલા વિરાટ કોહલી, શિખર ધવલન, રહાણે, રોહિત શર્મા પર કેન્દ્રિત રહેનાર છે. શિખર ધવન સ્વસ્થ થઈ ગયા બાદ ટીમ ઈન્ડિયાનો જુસ્સો વધી ગયો છે. ટીમ ઈન્ડિયામાં ચેતેશ્વર પુજારા પાસેથી પણ જોરદાર દેખાવની અપેક્ષા

● અનુસંધાન પાન-૭ પર

સરદારધામ - વિશ્વ પાટીદાર કેન્દ્ર દ્વારા આયોજિત ઐતિહાસિક

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

કન્વેન્શન | એક્ઝિબિશન | બિઝનેસ સેમિનાર | B2B મીટીંગ્સ | જોબ ફેર

૫ ૬ ૭ જાન્યુઆરી ૨૦૧૮ | મહાત્મા મંદિર, ગાંધીનગર

ડાયમંડ સ્પોન્સર: AVADH GROUP
ગોલ્ડ સ્પોન્સર: Zydus dedicated to life
આયોજક: સમસ્ત પાટીદારની એકતાનું ધામ સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર — સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ
ઈવેન્ટ પાર્ટનર: PRAVEG Accelerating ideas — પ્રવેગ કોમ્યુનિકેશન્સ લિમિટેડ

સીલ્વર સ્પોન્સર: Bodal Chemicals Ltd. COLOURS. INTEGRATION. INNOVATION. | નવગુજરાત સમય પ્રીમિયમ ગુજરાતી અખબાર શાયોના ગ્રૂપ | NK Proteins | orbis elevators | escalators | UREnergy Energy for All

પ્રાઈમ સ્પોન્સર: AnGeL Pumps & Motors | a-one Chemicals | અવનીબીજ | COREL PHARMA CHEM | doctor PUMPS | Euro Fresh khao Healthy Raho | EXPRESS LIFTS LTD. | Falcon A machine for mankind | SPECIAL HI-BOND cement | Kich Steel... for life | Lakshya Group | Makson | MAYUR DYE-CHEM INTERMEDIATES LLP. | Meghmani Organics Limited | OREVA LED LIGHTING | Steam Power | ROYALE TOUCHE | Samarth Diamond | Sunflower Women's Hospital | SUNHEARRT CERAMIK | TAKSHASHILA | VARMORA

સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ તરફ...

આજે ભવ્ય ઉદ્ઘાટન

| એક્ઝિબિશન ઉદ્ઘાટન સવારે ૯-૩૦ કલાકે | કન્વેન્શન ઉદ્ઘાટન સવારે ૧૦-૦૦ કલાકે |
|---|---|
| પ્રવેશ માટે ગેટ નં.૫ પ્રવેશ ફ્રી | પ્રવેશ માટે ગેટ નં.૩ પ્રવેશ માટે પાસ જરૂરી |

ડ્રેસ કોડ : ફોર્મલ કોટ અને પેન્ટ

સમિટના મુખ્ય ઉદ્દેશો

- સમાજના નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને પ્રોત્સાહન આપવું
- સમાજમાં નવાં ઉદ્યોગપતિઓ તૈયાર કરવા અને તેમને ઉપયોગી થવું
- સમાજના શિક્ષિત યુવાનોને તાલીમબદ્ધ કરી તેમને સન્માન સાથે રોજગારી અપાવવી

પાટીદાર સમાજની પ્રગતિના પ્રતિબિંબ સમાન
૫૦૦થી વધુ સ્ટોલનું એક્ઝિબિશન

રિઅલ એસ્ટેટ | હોમ ડેકોર | એન્જિનિયરીંગ | પાવર અને ઈલેક્ટ્રોનિક્સ
કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ | હેલ્થ કેર | વેલનેસ | ફૂડ અને બેવરેજીસ
ટેક્ષટાઈલ અને ગારમેન્ટ | આઈટી અને એજ્યુકેશન | કન્સલ્ટીંગ સર્વિસિઝ

વિશેષ પાટીદાર ડેવલપર્સ પેવેલિયન CREDAI GUJARAT

- તા. ૫-૬ જાન્યુઆરી, ૨૦૧૮ સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ દરમ્યાન બિઝનેસ વિઝિટર્સ પોતાનું બિઝનેસ કાર્ડ બતાવીને એક્ઝિબિશનમાં પ્રવેશ મેળવી શકશે.
- તા. ૫-૬ જાન્યુઆરી, ૨૦૧૮ બપોરે ૨-૦૦ થી ૬-૦૦ દરમ્યાન તમામ મુલાકાતીઓ એક્ઝિબિશનની મુલાકાત લઈ શકશે.
- તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૮ સવારે ૧૦-૦૦ થી ૬-૦૦ દરમ્યાન તમામ મુલાકાતીઓ એક્ઝિબિશની મુલાકાત લઈ શકશે.

એક્ઝિબિશનમાં પ્રવેશ વિના મૂલ્યે
સમય સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦